**<u>ફોજદારી કેસ નં.૧૪૭૧/૧૯૯૭</u>**

**<u>આંક-૧ લગત હુકમઃ</u>**

૧. આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કેસના ફરિયાદી-નરેન્દ્રકુમાર ચીમનલાલ શાહે આરોપીઓ વિરૂદ્ધ ઈપીકો ક.૪૨૦, ૪૦૬, ૪૬૭, ૪૬૮, ૪૭૭, ૧૨૦બી, ૫૦૪, ૫૦૬(૧) મુજબના ગુન્હાની ખાનગી ફરિયાદ દાખલ કરેલ હતી અને તે મુજબના ગુન્હાના પ્રોસેસ આરોપીઓ સામે કાઢવાનો હુકમ તા.૧૪.૧૦.૧૯૯૭ ના રોજ મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રીએ કરેલ હતો.

૨. આજ રોજ ફરિયાદી હાજર છે અને તેઓએ આંક-૩ ની પુરશીષથી એવી હકીકત જાહેર કરેલ છે કે તેઓ હાલનો કેસ ચલાવવા માંગતા નથી અને વધુ કોઈ પુરાવા રજૂ કરવા માંગતા નથી.

૩. આ કેસની હકીકતો જોઈએ તો ફરિયાદી દ્વારા આરોપી વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલ ફરિયાદ એક ખાનગી ફરિયાદ છે અને સંહિતા ના પ્રકરણ-૧૯ના શિર્ષક–બી માં પોલીસ રિપોર્ટ ઉપરથી હોય તે સિવાયના કેસોમાં લાગુ પડતી જોગવાઈ દર્શાવેલી છે અને તે મુજબ કલમ ૨૪૪ અન્વયે ફરિયાદપક્ષે આરોપી સામે તહોમત ઘડવા માટે નો પ્રાથમિક પુરાવો આરોપી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થયા પછી આપવાનો હોય છે. આ કામમાં ફરિયાદીએ આંક-૩ ની પુરશીસ દાખલ કરીને એવી હકિકત જાહેર કરેલ છે કે તેઓને કોઈ પણ પ્રકારનો પુરાવો આ કામમાં રજૂ રાખવો નથી. આ સંજોગોમાં જ્યારે ફરિયાદી ખુબ તેઓની ફરિયાદના સમર્થનમાં કોઈ પુરાવો રજૂ કરતાં ન હોય અને ફરિયાદ પરત ખેંચવાની પુરશીષ રજૂ કરતા હોય ત્યારે આરોપીની સામે થયેલ આક્ષેપ બાબતે ભારતીય દંડ સંહિતા અંગેના કોઈ ગુન્હા હેઠળ તહોમતનામું ફરમાવી શકાય તેમ ન હોય, હાલના કેસનો ન્યાયિક અંત આણતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**:: હુકમ ::**

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૪૫ અન્વયે આરોપીઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ કલમ ૪૨૦, ૪૦૬, ૪૬૭, ૪૬૮, ૪૭૭, ૧૨૦બી, ૫૦૪, ૫૦૬(૧) મુજબના ગુન્હાના આક્ષેપમાંથી બિનતહોમત છોડી મુકવામાં આવે છે.

જામીન ખત રદ કરવા.

આ હુકમ આજ રોજ તા. ૨૬મી માહે - જુન, સને - ૨૦૨૨ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં યોજાયેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૬.૦૬.૨૦૨૨

(કમલેશ એન. પ્રજાપતિ)
અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ